## મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા ટ્રાન્સફર ઓફ ટેક્નોલોજી અંતર્ગત ખેડૂત શિબિર યોજાઈ

પંચમહાલ, મહીસાગર અને દાહોદ જીલ્લાના મુખ્ય પાક એવા મકાઈ પાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા ગામ-બાકોર, તાલુકો-ખાનપુર, જિલ્લો-મહીસાગર ખાતે તા.૨૪/૦૨/૨૦૨૦ ના રોજ ટ્રાન્સફર ઓફ ટેક્નોલોજી અંતર્ગત ખેડૂત "શિબિર યોજવામાં આવી.

ખેડૂતોને મકાઈની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા તેમજ તેનો બહોળો પ્રચાર થાય એ ખુબ જ અગત્યનું હોઈ આ અંગેની તાલીમ આપવા માટે સદર ખેડૂત "શિબિરનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૫૧ જેટલા ખેડૂતભાઈઓ-બહેનોઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. આ ખેડૂત શિબિરમાં કેન્દ્રના ડો.એમ.બી.પટેલ, સહ સંશોધન વૈજ્ઞાનિકએ મકાઈની મુલ્ય વર્ધિત તથા સંયોજિત અને સંકર જાતોની માહિતી આપી હતી તેમજ ખેડૂતોને પોતાનું/દેશી જાતનું બિયારણ વાપરવાના બદલે યુનિવર્સિટીની સંકર જાતોનું બિયારણ વાપરવા અંગે ભાર મુકેલ હતો. ડૉ.પી.કે.પરમાર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકએ (પ્લાન્ટ બ્રિડર) મકાઇ પાકમાં બીજ ઉત્પાદન અંગે ખેડૂત-મિત્રોને માહિતગાર કરેલ હતા.

શ્રી.કે.એચ.પટેલે, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી) દ્વારા મકાઈની નફાકારક અને વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અંગેના ચાવીરૂપ મુદ્દાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી તેમજ નીંદામણ નિયંત્રણ કરવા પર ભાર મુકેલ હતો. શ્રી.ડી.એમ.રાઠોડે, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) દ્વારા મકાઈ પાકમાં જૈવિક ખાતરનું મહત્વ તથા બાયોફર્ટીલાઈઝરનો ઉપયોગ કરી રસાયણિક ખાતરનો વપરાશ ઓછો કરીને ખેતી ખર્ચ ઘટાડવા માટે અનુરોધ કર્યો હતો તેમજ મકાઈમાં આવતી નવી જીવાત લશ્કરી ઇયળ (પૂછડે ચાર ટપકા વાળી) ની ઓળખ અને તેના નિયંત્રણ અંગે વિગતવાર માહિતી આપેલ હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી.ડી.એમ.રાઠોડે કરેલ હતું. કાર્યક્રમની અંતે ખેડૂતભાઈઓ-બહેનોના ખેતીને લગતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવેલ હતું.

